સમગ્ર હિમાલયમાં કુલ સાત કૈલાસ છે

સાંજે અમે, સાંગલા પાછા આવી ગયા અને માથે ઓઢીને સૂઈ

સવારે અમે તૈયાર થયા. થોડું ચઢાણ ચડીને અમે સાંગલાના મુખ્ય માર્ગ પરના એક નાના ચોકમાં આવ્યા. અહીંથી અમને કિન્નર કૈલાસનાં ખૂબ સ્પષ્ટ રીતે દર્શન થયાં. તિબેટ સહિત સમગ્ર હિમાલયમાં કુલ સાત કૈલાસ છે. તેમાંનું આ એક કિન્નર-કૈલાસ છે. અમારી સામે જ કિન્નોર-પર્વતમાળા છે. તેમાંનું એક શિવલિંગ આકારનું શિખર છે. તે જ છે આપણું આ - કિન્નર કૈલાસ! ચિત્તકુલમાંથી અમે કિન્નર- કૈલાશનાં દર્શન કર્યાં છે, કામરૂમાંથી પણ દર્શન કર્યાં છે અને આજે અહીં સાંગલામાંથી આ ભવ્ય કિન્નર કૈલાસનાં દર્શન કર્યાં.

હિમરાજનું તીર્થયાત્રા, દર્શન અને માનતાનું કાર્ય સંપન્ન થયું છે.

તેનું કાર્ય તો સંપન્ન થયું; પરંતુ તેની માતા ધપોલીબહેને તેને આદેશ આપી રાખ્યો છે.

"સ્વામીજીને સતલજના કિનારા સુધી પહોંચાડીને જ તું પરત આવજે.'

બીજે દિવસે અમે સાંગલાથી હવે સતલજ અર્થાત્ કઈમ તરફ પાછા ફરી રહ્યા છીએ. સાંગલાથી ૯ કિ.મી. જેટલું અંતર કાપીએ એટલે 'ગોમડો ખંડ' નામનું સ્થાન આવે છે. આ 'ગોમડો ખંડ' કોઈ ગામ નથી; પરંતુ એક સ્થાન છે.

અહીં ગોમડો ખંડમાં નદી તરફ, રસ્તાને સાવ કિનારે એક નાનું દુર્ગામંદિર છે. અમે બંને દર્શન માટે ઊભા રહ્યા.

અહીં આ દુર્ગામંદિર બન્યું કેવી રીતે? આ બૌદ્ધોના પ્રદેશમાં દુર્ગામંદિર! હા, દુર્ગામંદિર! અને બૌદ્ધોના પ્રદેશમાં અને બૌદ્ધો દ્વારા નિર્મિત દુર્ગામંદિર !

આ માર્ગ અર્થાત્ સતલજ કિનારાના કઠંમથી ચિત્તકુલ સુધીનો રસ્તો અતિશય જોખમી ગણાય છે. તેમાં પણ આ ગોમડો ખંડ તો અકસ્માત ક્ષેત્ર જ છે. થોડાં વર્ષો પહેલાં અહીં એક ઘણી કરુણ અને ગમખ્વાર ઘટના ઘટી ગઈ.

અહીં આ સ્થાન પર પહાડ તૂટવાથી એકીસાથે પચાસ માનવોનો સ્વર્ગવાસ થયો. સમગ્ર કિન્નોર પ્રદેશમાં હાહાકાર મચી ગયો. એકસાથે ચાલીસ યુવાનો ચાલ્યા ગયા. થનાર તો થયું; પરંતુ ભવિષ્યમાં આવા જીવલેણ અકસ્માતોથી બચવું કેવી રીતે ? અહીં સરકારી બાંધકામ વિભાગમાં કામ કરતી મહિલાઓનું એક મંડળ છે - પી.ડબલ્યુ.ડી. મહિલામંડળ. આ સૌ બહેનોએ સાથે મળીને અહીં આ દુર્ગામંદિરની સ્થાપના કરી છે. એક સાધુને પૂજારી તરીકે મૂક્યા છે. સાધુના નિવાસસ્થાન માટે દુર્ગામંદિરની સાવ સામે રસ્તા પર બે માળનું એક સાવ નાનું અને સાંકડું નિવાસસ્થાન બનાવી આપ્યું છે. આ સાધુમહારાજ અહીં રહે છે, સવાર-સાંજ પૂજા કરે છે અને પ્રસાદ આપે છે અને કપાળમાં રક્ષાતિલક પણ કરે છે.

અમે બંને આ સ્થાને થોડું રોકાયા. અહીંના મહિલામંડળમાં આ હિમરાજનાં માતુશ્રી ધપોલીબહેન પણ છે. અમે અહીંના પૂજારી-સાધુને મળ્યા. અમને પણ પ્રસાદ અને તિલક મળ્યાં. અમે સાથે બેઠા અને

થોડો સત્સંગ પણ થયો.

"કોણ છે આ સાધુ ??'

રામાનંદી સાધુ છે. નામ છે

–

અર્જુનદાસ મહાત્યાગી. નિરાંતે વાતે વળગ્યા. અમને જાણીને આશ્ચર્ય પણ થયું અને આનંદ પણ થયો કે આ સાધુ મૂળ વાંકાનેર (ગુજરાત)ના વતની છે. સાધુ બનીને હિમાલયમાં વિચરણ કરતાં-કરતાં અહીં આવી ચડ્યા. અહીંના લોકોએ વિનવીને અહીં પૂજારી તરીકે બેસાડી દીધા છે. ગુજરાતનો યુવાન કિન્નોરમાં સાધુ બનીને બેઠો છે.

સાધુ કિસકે પહોને,
યોગી કિસકે મિત !

અમે આગળ ચાલ્યા. હિમરાજનું કામ તો પૂરું થયું છે; પરંતુ આવે છે. માતૃશ્રીની સૂચના પ્રમાણે તેઓ તો મને સતલજના કિનારા સુધી મૂકવા ચાલતાં-ચાલતાં અમે કલ્પમ પહોંચ્યા. અહીં અમે સતલજને કિનારે ભારત-તિબેટ રાજમાર્ગ પર પહોંચી ગયા.

મારે હવે રિક્યાંગ-પિયો અને કાલ્પા જવું છે. અમે બંને આ મહા નદી સતલજને કિનારે ઊભા રહ્યા.

થોડા દિવસનો સહવાસ છતાં જુગ જૂનાં મિત્રો હોઈએ તેવો અનુભવ થયો. મેં કહ્યું, "જય શ્રીકૃષ્ણ.''

તેમણે કહ્યું, " મણિ પદ્મ હુમ્." અમે છૂટા પડ્યા.

હું પુલ દ્વારા સતલજ પાર કરીને સામે કિનારે પહોંચ્યો. પાછા વળીને જોયું તો હિમરાજ હાથ હલાવીને મને વિદાય આપી રહ્યા છે. મેં પણ હાથ હલાવીને તેમને વિદાય આપી.

(ક્રમશઃ)

હિમાલયનાં વિરલ તીર્થો
ભાણદેવ

સમગ્ર કિન્નોર પ્રદેશમાં હાહાકાર મચી ગયો. એકસાથે ચાલીસ યુવાનો ચાલ્યા ગયા. થનાર તો થયું; પરંતુ ભવિષ્યમાં આવા જીવલેણ અકસ્માતોથી બચવું કેવી રીતે ? અહીં સરકારી બાંધકામ વિભાગમાં કામ કરતી મહિલાઓનું એક મંડળ છે - પી.ડબલ્યુ.ડી. મહિલામંડળ. આ સૌ બહેનોએ સાથે મળીને અહીં આ દુર્ગામંદિરની સ્થાપના કરી છે. એક સાધુને પૂજારી તરીકે મૂક્યા છે.

પિતૃઋણમુકિતનું પવિત્ર કાર્ય શ્રાદ્ધકર્મ

પિતૃઓના આત્માની શાંતિ માટે કરાતું શ્રાધ્ધ સનાતન ધર્મની પૌરાણિક કાળથી ચાલી આવતી ધર્મ પરંપરા છે. માણસ અનેક પ્રકારે ઋણાનુબંધ છે અને માનવજીવન ઋણમુક્તિ માટે છે. આપણા પર દેવી-દેવતાઓનું ઋણ છે. ઋષિ-મુનિઓનું ઋણ છે અને એથી વિશેષ આપણા ધર્મગ્રંથોમાં પિતૃઋણમુક્તિ માટે વિધિ-વિધાન સાથે શ્રાધ્ધ કરવાની આજ્ઞા છે. આપણા જન્મથી લઈને નાનાથી મોટા કરી સામાજિક, વ્યવહારિક અને વ્યાવસાયિક જીવન જીવતા કર્યા સુધીનો આપણા વડીલો એટલે કે ગતાત્મા પિતૃઓનો આપણા પર ખૂબ મોટો ઉપકાર છે. તેમના મૃત્યુ પછી તેમના આત્માની શાંતિ માટે આપણે શ્રાધ્ધક્રિયા અવશ્ય કરવી જોઈએ. ધર્મ અને આપણી ધાર્મિક પ્રક્રિયા એ શ્રાધ્ધનો વિષય છે. ઋષિ ચાર્વાકની પરંપરાના લોકો શ્રાધ્ધક્રિયાને સમજી શકવાને

અસમર્થ છે. એવા લોકો માનવજીવનના સંબંધો પ્રત્યે ભાવનાશૂન્ય, લાગણીહીન, મમત્વરહિત અને યંત્રવત જીવન જીવતા હોય છે ત્યારે આપણા ધર્મગ્રંથોને અને આપણી ધર્મપરંપરાને જાણવી જરૂરી હોય છે.

ભાદરવા મહિનાનો શુક્લપક્ષ દેવોનો ગણાય છે અને કૃષ્ણપક્ષ પિતૃઓનો ગણાય છે. ભાદરવા માસના કૃષ્ણપક્ષની એકમથી અમાસનો સમય શ્રાધ્ધપક્ષ ગણાય છે. શ્રાધ્ધપક્ષમાં શુભ કાર્યો નથી થતાં તેથી કેટલાંક લોકો શ્રાધ્ધવિધિને અમાંગલિક સમજે છે પણ ખરેખર એ ભ્રામક માન્યતા છે. શ્રાધ્ધવિધિ દ્વારા આપણે પિતૃઓની શાંતિ અને તૃપ્તિ માટેનું ઉમદા ધર્મકાર્ય કરીએ છીએ. ગરૂડપુરાણ અનુસાર શ્રાધ્ધકર્મથી સંતૃપ્ત પિતૃઓની કૃપા મળે છે. તેના પરિવારને આયુષ્ય, પુત્રપ્રાપ્તિ, યશ, કીર્તિ, વૈભવ, શક્તિ, સુખ-શાંતિ અને ધનધાન્ય પ્રાપ્ત થાય છે. બ્રહ્મપુરાણ અનુસાર પિતૃઓના શ્રાધ્ધકર્મથી કુળ-પરિવારમાં સૌ સુખ-સમૃદ્ધિ પામે છે. તો વિષ્ણુપુરાણમાં તો વિશેષરૂપે જણાવે છે કે શ્રાધ્ધકાર્યથી માત્ર પિતૃઓ જ તૃપ્ત નથી થતાં પણ બ્રહ્મા, ઇન્દ્ર, રુદ્ર, અશ્વિનીકુમાર, સૂર્ય, અગ્નિ, અષ્ટવસુ, વાયુ, વિશ્વદેવો, ઋષિ, પશુ-પક્ષી, પ્રકૃતિ અને સમસ્ત ભૂતપ્રાણી પણ સંતૃપ્ત થાય છે. હેમાદ્રી નાગર ખંડ ધર્મગ્રંથ અનુસાર માત્ર એક તિથિના શ્રાધ્ધ થકી પિતૃઓને વર્ષભરની સંતૃપ્તિ મળે છે. એ જ પ્રમાણે દેવલ સ્મૃતિ, યમસ્મૃતિ, અત્રિસંહિતા અને ધર્મ સિંધુ જેવા કેટલાયે ધર્મ ગ્રંથોમાં શ્રાધ્ધકર્મની બહુ વિસ્તુત રીતે મહત્વતા દર્શાવી છે.

શ્રાધ્ધવિધિની પરંપરા એટલી પૌરાણિક છે કે ધર્મશાસ્ત્રોનુસાર સૃષ્ટિના આરંભકાળે બ્રહ્માજીએ સૃષ્ટિલોકમાં પ્રારંભ કરી પ્રચલિત કરી ઘોષિત કરેલું કે પિતૃઓની સંતૃપ્તિ માટે પિંડદાન દ્વારા શ્રાધ્ધ કરી શકશે. એ પછી મૃત્યુલોકમાં સૌ પ્રથમ શ્રાધ્ધ 'નિમિરાજા'એ કર્યું હતું અને ત્યારથી શ્રાધ્ધની પરંપરા પૃથ્વી પર ચાલી આવે છે. ભાદરવા માસમાં પૂનમથી પછી કૃષ્ણ પક્ષની એકમથી અમાસ સુધીની તિથિ દરમ્યાનના આવતા શ્રાધ્ધમાં પણ કેટલીક તિથિઓની વિશેષતા જણાવાઈ છે. આઠમનું શ્રાધ્ધ પિતાનું કરી શકાય છે. જ્યારે પિતાની અવસાનની તિથિ ભૂલી જવાઈ હોય અથવા ખબર ના હોય. સૌભાગ્યવતી મહિલાના અવસાન પછી તિથિ શ્રાધ્ધ ઉપરાંત નોમનું શ્રાધ્ધ પણ કરી શકાય છે. કોઈ વ્યક્તિનું આગથી, અકસ્માતથી, આપઘાતથી, પાણીમાં ડૂબી જવાથી, સાપ કે હિંસક પ્રાણીઓથી કે ઝેરને કારણે અકાળે અવસાન થયું હોય તો તેનું શ્રાધ્ધ ચતુર્દશી તિથિ પર કરવાનું શાસ્ત્રો જણાવે છે. આ ઉપરાંત પિતૃઓના અવસાનની તિથિ યાદ નથી તો અમાસનું સર્વપિતૃ શ્રાધ્ધ કરાતું હોય છે.

શ્રાધ્ધની તિથિ જોડાયેલ જ્યોતિષશાસ્ત્ર મુજબ કે સંબંધીઓને ત્યાં સૂક્ષ્મરૂપે જઈ શકે છે. જેઓ તિથિ મુજબના શ્રાધ્ધકર્મ થકી સંતૃપ્ત થાય છે અને કુટુંબ-પરિવારને સુખ-શાંતિ, સમૃદ્ધિ પ્રાપ્તિના આશીર્વાદ આપતા જાય છે. જે લોકો પિતૃકાર્યમાં નથી માનતા કે શ્રાધ્ધવિધિ નથી કરતા તેઓના પિતૃલોકોમાંથી તૃપ્તિની આશાએ આવેલા પિતૃઓ અતૃપ્ત અવસ્થામાં મનોમન દુઃખી થઈ પરત ફરી જતા હોય છે. જેના વિપરીત પરિણામે કુટુંબમાં અશાંતિ, દુઃખ કે અકલ્પ્ય કષ્ટો સહન કરવા પડતા હોય છે. ચંદ્ર શ્વેત છે. ચંદ્રનું આધિપત્ય દૂધ અને ખીરનું છે તેથી શ્રાધ્ધપક્ષમાં દૂધપાક કે ખીરનું મહત્ત્વ વિશેષ છે.

શ્રાધ્ધમાં 'કાગવાસ'નું અધિક મહત્ત્વ છે. પિતૃઓની શ્રાધ્ધવિધિ પછી ખીર-રોટલી, દૂધપાક કે પૂરી ઘરના છાપરે, નળિયા પર કે અગાસીઓમાં 'કાગવાસ'ની ભૂમ પાડી

શ્રાધ્ધપક્ષમાં શુભ કાર્યો નથી થતાં તેથી કેટલાંક લોકો શ્રાધ્ધવિધિને અમાંગલિક સમજે છે પણ ખરેખર એ ભ્રામક માન્યતા છે. શ્રાધ્ધવિધિ દ્વારા આપણે પિતૃઓની શાંતિ અને તૃપ્તિ માટેનું ઉમદા ધર્મકાર્ય કરીએ છીએ. ગરૂડપુરાણ અનુસાર શ્રાધ્ધકર્મથી સંતૃપ્ત પિતૃઓની કૃપા મળે છે

સંસ્કૃતિ દર્શન
સનત દવે



કાગડાઓને બોલાવી ખવડાવવાની એક ધાર્મિક પ્રક્રિયા છે. આ દિવસોમાં ઘરમાં બનેલી રસોઈમાંથી એક ભાગ કાગડાનો, એક ભાગ કૂતરાનો, એક ભાગ ગાયનો, એક ભાગ દેવનો અને એક ભાગ બ્રાહ્મણનો એમ પાંચ ભાગ કાઢવાની પરંપરા છે. ત્યાર બાદ સૌ પરિવારજનો, સગાં-સંબંધીઓ સાથે ભોજન લેવાની પરંપરા આજે પણ જળવાઈ રહી છે.

ગાય-કૂતરાને રોટલી આપવાની તો હિન્દુ પરિવારોમાં એક પ્રથા છે જ પણ શ્રાધ્ધમાં કાગડાને કેમ કાગવાસ નખાય છે? સામાન્ય રીતે કાગડો સૌથી તિરસ્કૃત પક્ષી ગણાય છે. કાળો કલર અને ક્રાવ-ક્રાવ જેવો કર્કશ અવાજ છતાં પણ શ્રાધ્ધપક્ષમાં કાગડાને કાગવાસ નાખવા માટે શોધવા પડે છે અને પિતૃ માની બે હાથ જોડીએ છીએ. ખરેખર તો ભગવાન શ્રી રામના ક્રોધ અને કૃપા બંનેની અસર કાગડાને થઈ છે. રામ-સીતાનાં વનવાસ દરમ્યાન ઈન્દ્રે સીતાજીની પ્રતિભાથી અંજાઈને સ્પર્શ કરવા માટે કાગડાનું સ્વરૂપ લઈને સીતાજીનાં ચરણને ચાંચ મારી એ જોઈને શ્રી રામે ધનુષ્ય બાણ દ્વારા તેની આંખ વીંધી નાખી અને શ્રાપ આપ્યો કે તારા આ સ્વરૂપને લોકો હંમેશા ધુત્કારશે અને તિરસ્કૃત નજરે જ જોશે ત્યારે ઈન્દ્રે હાથ જોડી માફી માંગી, પ્રાર્થના કરી ત્યારે શ્રી રામે પ્રસન્ન થઈ આશીર્વાદ પણ આપ્યા કે પૃથ્વીલોકમાં શ્રાધ્ધના પંદર દિવસ દરમ્યાન તને પિતૃ ગણી પ્રેમ સહિત દૂધપાક-ખીર-પૂરી જેવા ઉત્તમ ભોજન કરાવશે. કાગડા અંગે ઋષિ-મુનિઓએ જાગૃતતા કેળવી તેની પ્રજાતિ પૃથ્વી પર જળવાઈ રહે તેથી કાગવાસની પરંપરાનો પ્રારંભ કરાવેલો એવું પણ કહેવાય છે કારણ કે વડ અને પીપળો એવા વૃક્ષ છે જે વાવવાથી ઉગતા નથી. કાગડો વડના ટેટા ખાય અને તેના શરીરમાં પ્રોસેસ થયા બાદ કાગડો જ્યાં પણ વિષ્ટા કરે ત્યાં વડ અને પીપળાના વૃક્ષ ઉગે છે. 24 કલાક ઓક્સિજન આપતા પીપળાનાં વૃક્ષો માટે થઈને કાગડાનું અસ્તિત્વ ખૂબ જરૂરી છે. કાગડાની વસ્તીનો વિસ્તાર થાય તે માટે કાગડાઓનો મૈથુન માસ ભાદરવો છે અને તેના બચ્ચા જન્મે ત્યારે ઉત્તમ ભોજન મળી રહે એટલે 'કાગવાસ'ની એક ઊંચા ધ્યેય સાથેની ધર્મપરંપરા બની ગઈ છે. વિશ્વમાં કાગડાની 48 જેટલી પ્રજાતિ છે પણ સૌથી સુંદર પ્રજાતિમાં આપણો ભારતીય કાળો કાગડો છે. જો કે ડાર્ક ગ્રે ગરદન ધરાવતા કાગડાનું બારીકાઈથી નિરીક્ષણ કરશો તો ઘણા બધા ચમકતા કલરો પણ દેખાય છે.

કાગડો યમરાજાનું વાહન છે તો શનિદેવના વાહન તરીકે પણ જાણીતો છે. સૌથી મહત્ત્વની વાત કાગડો બુદ્ધિશાળી પક્ષી છે. પંચતંત્રમાં આપણે તેની ચતુરાઈની ઘણી વાતો જાણી છે.

કાગડાને ક્યારેક જણકથી ઓળખજો અનેક ખૂબીઓ સાથે એક આખો લેખ લખાય તેટલું સાહિત્ય ઉપલબ્ધ છે. કચ્છના એક લેખક ડૉ. ભાવેશ આર. મોઢે કાગડા પર રિસર્ચ કરીને ઘણું બધું સાહિત્ય ઉપલબ્ધ કરાવ્યું છે.

|| कृष्णस्तु भगवान स्वयम् ||

લેખાંક-૩૦

પરમાત્માના ૬૪ ગુણો (ભાગ-2)

પરમાત્મા નિર્ગુણ હોવા છતાં પણ જ્યારે તેઓ સાકાર રૂપ ધારણ કરે છે ત્યારે તેમના ગુણ અનંત હોય છે. તેમના આ અનંત ગુણોની ગણના કરવી કોઈના પણ સામર્થ્યમાં નથી છતાં પણ મહાસંતોએ પોતપોતાના ભાવ અનુસાર તેમના મનના સંતોષ અને વાણીની પવિત્રતા માટે ભગવાનના આ ગુણોને ગાયા છે. અગાઉના લેખમાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના ચોસઠમાંથી ચાળીસ ગુણોની જાણકારી મેળવી. વધુ આ લેખમાં સમજીએ.

41. 'સર્વશુભંકર': ભગવાન તમામનું હિત કરવાવાળા હતા.
42. 'પ્રતાપી': ભગવાનની શૂરતા, પરાક્રમ તથા દુર્જયતાને સાંભળીને શત્રુ કાંપી જતા હતા.
43. 'કીર્તિમાન': ભગવાનના ઉત્તમ ગુણોના કારણે તેમની કીર્તિ અને યશ ચારે દિશાઓમાં ફેલાઈ ગયા હતા.
44. 'રક્તલોક': ભગવાન માટે બધાનો સ્વાભાવિકપણે જ અનુરાગ હતો.
45. 'સાધુસમાંશ્રય': ભગવાન હંમેશા સત્પુરુષોનો પક્ષપાત કરતા હતા. અને તેમની સહાય કરતા હતા.
46. 'નારીગણમનોહારી': ભગવાનના અલૌકિક રૂપ અને લાવણ્યને જોઈને સુંદરીઓ તેમના પર મુગ્ધ થઈ જતી હતી.
47. 'સર્વઆરાધ્ય': ભગવાનનું તમામ વ્યક્તિ આરાધન કરતી હતી અને પૂજા કરતી હતી.
48. 'સમૃદ્ધિમાન': ભગવાન તમામ પ્રકારની સમૃદ્ધિઓથી સંપન્ન હતા.
49. 'વરિયાન': ભગવાન સુર, મુનિ વગરે બધાથી જ શ્રેષ્ઠ હતા. એમના દરવાજા પર બ્રહ્મા વગેરે દેવતાઓ અને મહર્ષિઓની હંમેશા ભીડ રહેતી હતી.
50. 'ઈશ્વર': ભગવાનની ઈચ્છામાં કોઈ વિઘ્ન ઉભું કરી શકતું ન હતું. એમની આજ્ઞાને કોઈ ટાળી શકતું ન હતું.
51. 'સદાસ્વરૂપસંપ્રાપ્ત': ભગવાન માયાના વશમાં ન હતા. તેઓ હમેશા પોતાના સ્વરૂપમાં સ્થિત હતા.
52. 'સર્વજ્ઞ': ભગવાન ઘટ ઘટની વાત જાણતા હતા. તેમનું જ્ઞાન દેશ અને કાળથી અબાધિત હતું. સંસારની કોઈ પણ વસ્તુ એવી ન હતી કે જેનું તેમને જ્ઞાન ન હતું.
53. 'નિત્યનૂતન': ભગવાનના પ્રેમીજન એમના માધુર્યરસનું હંમેશાં પાન કરતા હતા છતાં પણ તેમને દરરોજ નવા રસનો આસ્વાદ ચાખવા મળતો હતો.
54. 'સચ્ચિદાનંદસાન્દ્રંગ': ભગવાનનો વિગ્રહ સચ્ચિદાનંદ સ્વરૂપનો હતો. એટલે કે સામાન્ય મનુષ્યોની માફક એમનું શરીર પંચભૂતોનું બનેલું ન હતું.
55. 'સર્વસિદ્ધિનિષેવિત': ભગવાનના વશમાં તમામ ઇન્દ્રિયો હતી.
56. 'કોટિબ્રહ્માંડવિગ્રહ': ભગવાનનો વિગ્રહ અસંખ્ય બ્રહ્માંડ વ્યાપી હતો.
57. 'અવતારાવલીબીજમ': ભગવાન તમામ અવતારોને ધારણ કરવાવાળા હતા.
58. 'હતારિગતિદાયક': ભગવાનના હાથે જે શત્રુ માર્યા જતા હતા તે મોક્ષને પ્રાપ્ત થતા હતા.
59. 'અચિંત્યમહાશક્તિ': ભગવાન અચિંત્ય મહાશક્તિથી યુક્ત હતા. તેઓ પોતાના સંકલ્પ માત્રથી સ્વર્ગ વગેરે દિવ્યલોકની રચના કરી શકતા હતા. બ્રહ્મા અને શંકર વગેરે દેવતાઓને પણ મોહિત કરી શકતા હતા, અને ભક્તોના પ્રારબ્ધનો પણ નાશ કરી શકતા હતા.
60. 'આત્મારામગણાકર્ષી': ભગવાન પ્રતિ આત્મારામ મનુષ્યોના મન પણ આકર્ષિત થઈ જતા હતા.
61. 'સર્વાદ્ભુતચમત્કારલીલાકલ્લોલવારિધિ': ભગવાને તેમના જીવનકાળમાં અનેક અદભુત અને ચમત્કારિક લીલાઓ કરી હતી.
62. 'અતુલ્યમધુરપ્રેમમંડિતપ્રિયમંડલ': ભગવાનના પ્રેમીજનો એમના અસાધારણ માધુર્યયુક્ત પ્રેમ વડે હંમેશાં પરિપૂર્ણ રહેતા હતા.
63. 'ત્રિજગન્માનસાકર્ષીમુરલીકલકુજિતે': ભગવાનની મુરલીના મધુર સ્વર વડે ત્રણે લોક ના મન આકર્ષિત થઈ જતા હતા.
64. 'અસમાનોર્ધ્વરૂપશ્રીવિસ્માપિતચરાચર': ભગવાનના અસાધારણ રૂપ અને લાવણ્યને જોઈને ચરાચર જગત વિસ્મય પામી જતું હતું.

આ ગુણો તો અસાધારણ રીતે ફક્ત ભગવાન શ્રીકૃષ્ણના વિગ્રહમાં જ હતા. 'પદ્મપુરાણ'માં શિવજીએ પાર્વતીજીને આ તમામ ગુણોને વર્ણન કરી સમજાવ્યા હતા તેનો ઉલ્લેખ છે. 'શ્રીમદ ભાગવત'માં પણ પ્રથમ સ્કંધમાં ભૂમિદેવીએ, ધર્મને આમાંના ઘણા ગુણ બતાવ્યા હતા

ઉપર જણાવેલા ચોસઠ ગુણોમાંથી પહેલા પચાસ ગુણના કેટલાક અંશો મનુષ્યોમાં પણ જોવા મળી શકે છે છતાં પણ પૂર્ણ રીતે તેમનો વિકાસ માત્ર ભગવાન શ્રીકૃષ્ણના વિગ્રહમાં જ હતો. 51 થી 55 નંબરના ગુણોનો અહીં જે ઉલ્લેખ છે તે કેટલાક દેવોમાં પણ અંશરૂપે વિદ્યમાન હોઈ શકે છે.

અન્ય ગુણો તો અસાધારણ રીતે ફક્ત ભગવાન શ્રીકૃષ્ણના વિગ્રહમાં જ હતા.

'પદ્મપુરાણ'માં શિવજીએ પાર્વતીજીને આ તમામ ગુણોને વર્ણન કરી સમજાવ્યા હતા તેનો ઉલ્લેખ છે. 'શ્રીમદ ભાગવત'માં પણ પ્રથમ સ્કંધમાં ભૂમિદેવીએ, ધર્મને આમાના ઘણા ગુણ બતાવ્યા હતા.

ભગવાનની લીલાઓ સુંદર અને મનને આકર્ષિત કરનારી હોય છે. પૂર્ણ પરમાત્માની સોળ કળાઓ અને ચોસઠ ગુણોને સમજ્યા પછી હવે પછી આવનારા લેખોમાં ભગવાનની આ લીલાઓ વિષે પણ સમજવા પ્રયત્ન કરીશું.

એક વાત અનુભવસિદ્ધ છે કે મનુષ્યને સામાન્ય બુદ્ધિ વડે આ લીલાઓને સમજતા સમય લાગે છે કારણ કે ભગવાનનું પ્રાગટ્ય કોઈ સામાન્ય મનુષ્ય જેવું નથી હોતું. સામાન્ય મનુષ્ય પોતાના આગલા જન્મોના કર્મો અનુસાર શરીર ધારણ કરે છે પરંતુ ભગવાન પોતાની સ્વેચ્છાએ પ્રગટ થાય છે. પ્રથમ તો ભગવાને પ્રગટ થઈ વસુદેવને જે આદેશ આપ્યો તે હવેના લેખમાં સમજશું.

(ક્રમશઃ)

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ